**રે. દિ. મુ. નં.૧૩/૨૦૨૩**

## <u>વાદીની આંક–૫ ની મનાઇ હુકમની અરજી લગત હુકમ.</u>

**<u>૧). પ્રસ્તાવનાઃ–</u>**

સદર કામે વાદીએ દાવાના કામે કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

**<u>૨) વાદીની અરજીની ટુંકમાં હકિકતઃ–</u>**

વાદીના દાવાની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામનાં પ્રતિવાદી નં. ૧ નાં વાદી નં.૧ નાં સસરા થાય છે પ્રતિવાદી નં. ૨ વાદી નં. ૧ ના સાસુ થાય છે અને પ્રતિવાદી નં. ૩ એ વાદી નં.૧ નાં જેઠ થાય છે. પ્રતિવાદી નં. ૧ ના નામે રાજકોટ જીલ્લાનાં પડધરી તાલુકાનાં ઢોકળીયા ગામે ખેતીની જમીનો ખાતા નં. ૧૫૧ થી સ.નં.૧૮૯ જેના જુના સ.નં.૧૩૪ પૈકી ૧ હે.આરે. ૧–૮૨–૧૧ તેમજ સ.નં.૩૮ જેના જુના સ.નં.૧૭૪/૩ પૈકી ૧ હે.આરે. ૦–૭૨–૮૪ આવેલ છે. આ ઉપરાંત પ્રતિવાદી નં. ૧ નાં એ તેના ખાતે જમીન સ.નં.૬૬ પૈકી ૨ હે.આરે. ૦–૪૦–૪૭ હતી જે અગાઉ વેચાણ કરી નાખેલ હોવાનું અમારી જાણમાં છે. વાદી નં. ૧ નાં સસરા પ્રતિવાદી નં. ૧ નાં ખાતે આવેલ ઉપરોક્ત જમીનો વડીલોપાર્જીત જમીનો છે. સદરહું જમીનો પ્રતિવાદી નં. ૧ ઉતરોત્તર વારસાઈ હક્કે ભાયુ ભાગની વહેંચણીમાં મળેલી છે. પ્રતિવાદી નં. ૧ નાં પિતા કણબી નારણ લાધા ઢોકળીયા ગામનાં ખેડુત ખાતેદાર હતા તેઓના નામે રેવન્યુ રેકર્ડમાં હક્કપત્રક નોંધ નં.૪૦ થી તા.૦૪/૦૬/૧૯૫૭ ના રોજ કુલ પાંચ સર્વે નંબરો વાળી જમીનો સ.નં.૩૧, સ.નં.૧૩૪, સ.નં.૧૭૪/૩, સ.નં.૧૭૪/૪, સ.નં.૮૫/૫ નોંધાયેલી હતી. પ્રતિવાદી નં. ૧ ના પિતાએ પોતાની હયાતીમાં તા.૦૯/૧૧/૧૯૭૦ ના રોજ સદરહું જમીન પોતાના બે દીકરા મોહન નારણ તથા મનજી નારણનાં નામે રેવન્યુ રેકર્ડમાં ચડાવી આપતા તે અંગે હક્ક પત્રક કે નોંધ નં. ૨૫૯ દાખલ થયેલ ત્યારબાદ મોહન નારણ તથા મનજી નારણે તેઓનાં સંયુક્ત જમીનો અંગે તા.૨૩/૦૭/૧૯૮૫ માં ભાયુ ભાગની વહેંચણી કરતા પ્રતિવાદી નં. ૧ ના નામે ૧૩૪ પૈકી, ૧૭૪/૩ પૈકી, ૬૬ પૈકી ની જમીનો

આવેલી ઉપરોક્ત વિગતે પ્રતિવાદી નં. ૧ ના નામે આવેલ જમીન વડીલોપાર્જીત છે. જેમા પ્રતિવાદી નં. ૧ ના પુત્ર ગુજ. પરેશભાઈ મનજીભાઈનો કાયદેસરનો હક્ક હિસ્સો રહેલો હોય તેમનું અવશાન થયેલ હોય તેમના પત્નિ અને પુત્ર દરજજે વાદીઓ ગુજ. પરેશભાઈનાં કાયદેસરનાં સીધી લીટીનાં વારસદાર હોય આ જમીનમાં વાદીઓનો વારસાઈ હક્ક અધિકાર અને હિત રહેલા છે જે ડુબાડવા આ પ્રતિવાદીને કોઈ કાનુની અધીકાર નથી. ખેતીની જમીન ઉપરાંત ઢોકળીયા ગામે બે મકાનો આવેલ છે. જેમાં એક જુનુ વડીલોપાર્જીત મકાન ગામમાં છે અને એક પ્લોટ આવેલ છે તથા એક મકાન રાજકોટ મુકામે રીદ્ધીસિદ્ધી સોસાયટીમાં રૈયા ચોકડીપાસે આવેલ છે. જેમાં હાલ પ્રતિવાદીઓ  રહે છે. આ બંન્ને નવા મકાનો વડીલોપાર્જીત ખેતીની જમીનની ઉપજ નિપજમાં થી થયેલ આવકમાંથી થયેલા છે. મારા પતિ હયાત હતા તે દરમ્યાન તેઓ ઉપરોક્ત ખેતીની જમીનમાં પ્રતિવાદી નં. ૧ તથા ૩ સાથે સંયુક્ત રીતે ખેતી કરતા હતા અને સારી ઉપજ નિપજ આવતી હતી. જેમાંથી પ્રતિવાદીઓએ ટ્રેકટર તથા ખેતીનાં આધુનિક સાધનો પણ વસાવેલ છે. એ તમામ મિલકત હિન્દુ સંયુક્ત કુટુંબની મિલકત છે. આ કામનાં પ્રતિવાદીઓ વાદી નં. ૧ નાં પતિ અવશાન પામ્યા બાદ વાદીઓનાં ભરણપોષણ કરવાની તમામ જવાબદારીઓ હોવા છતાં જવાબદારી નિભાવેલ નથી. તેમજ વડીલોપાર્જીત સંયુક્ત વારસાઈ હક્કની જમીનમાંથી આવતી ઉપજ નિપજો પણ પ્રતિવાદીઓ રાખી લઈ વાદીને નિરાધાર કરી લાચાર પરિસ્થિતિમાં પિયરમાં રહેવાની ફરજ પડેલ છે. અમારા સંપૂર્ણ જીવનનાં આધાર સમાન દાવાવાળી મિલકતમાં અમારા વારસાઈ હક્ક હિસ્સાને નુકશાન જાય અને છીનવાઈ જાય તેવા પ્રયત્નો પ્રતિવાદીઓએ ચાલુ કરેલાનું અમારી જાણમાં આવેલ છે. જેથી પ્રતિવાદીઓને તેમ કરતા અટકાવવા જરૂરી છે. વાદીનો પ્રથમદર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વિનિયન્સ વાદીની તરફેણમાં છે. જો વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાંમાં ભરપાઈ થઈ ન શકે તેવું નુકશાન થાય તેમ હોય વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

**<u>૩) કેસની કાર્યવાહીઃ–</u>**

આ કામે વાદીનો દાવો દાખલ થતા પ્રતિવાદીને સમન્સ અને નોટીસ કાઢવામાં આવતા આ કામના પ્રતિવાદીને નોટીસની બજવણી થતાં વકિલ મારફત હાજર થઈ આંક–૧૨ થી વચગાળાની કામચલાઉ મનાઈ હુકમનાં જવાબ રજુ કરેલ છે. વાદીએ આંક–૧૨ થી જવાબ રજુ કરી પ્રતિવાદીની અરજીનો મુખ્યત્વે ઈન્કાર કરી, વધુમાં જણાવેલ છે કે, વાદીની દાવા અરજી તથા વચગાળાની મનાઈ અરજી ખરી નથી કાયદેસરની નથી અને ટકવાપાત્ર નથી. વાદીઓ તથા પ્રતિવાદીઓનું કોઈ હિન્દુ સંયુક્ત કુટુંબ આવેલ નથી કે આ કુટુંબની કોઈ વારસાઈ મિલકતો પણ આવેલ નથી. વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદી મનજીભાઈ નારણભાઈ ઠોરીયાનાં સીધી લીટીનાં કાયદેસરનાં બધા વારસદારોને પ્રતિવાદી તરીકે જોડ્યા સિવાય ફક્ત અમો પ્રતિવાદીઓને જોડીને હાલનો દાવો કરેલ હોય પ્રતિવાદી નં. ૧ ની બે પુત્રઓ કે જેઓનાં લગ્ન થઈ ગયેલ હોય તેઓને પણ દાવામાં પ્રતિવાદી તરીકે જોડેલ નથી. વાદી પ્રતિવાદી નં. ૧ નાં દીકરાનાં અવશાન બાદ પ્રતિવાદીનું ઘર છોડીને કોઈને કહ્યાં વગર તેમના પિયર જતાં રહેલા અને છેલ્લા ૧૫ વર્ષથી વાદીઓ તેમના માતાપિતા સાથે રહે છે. પ્રતિવાદીઓ પાસેથી વધુ પૈસા પડાવવા માટે હાલનો દાવો લાવેલ છે. વાદીઓનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી વાદીને મનાઈ હુકમ ન આપવામાં ન આવે તો નાણાંમાં ભરપાઈ થઈ શકે નહીં તેવું નુકશાન જાય તેમ નથી. પરંતુ, જો વાદીને મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને નાણાંમાં ભરપાઈ થઈ શકે નહીં તેવું નુકશાન જાય અને બેલેન્સ ઓફ કન્વિનિયન્સ વાદીની તરફેણમાં ન હોય વાદીની હાલની અરજી ખર્ચ સહીત રદ્દ કરવા અરજ કરેલ છે.

**<u>૪) વાદી તથા પ્રતિવાદી તરફે રજુઆતઃ–</u>**

દાવાનાં કામે વાદીનાં વિ.વ.શ્રીએ મૌખિક દલીલ કરી મુળ અરજીની હકીકતને વળગી રહેલ છે. તેમજ પ્રતિવાદીઓ તરફે દલીલ માટે કોઈ હાજર રહેલા ન હોય તેઓની આંક–૦૫ ની દલીલનો હક્ક બંધ કરવામાં આવે છે.

**૫)** વાદીની અરજી તથા વાદી અને પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજો અરજીના ન્યાયિક નિર્ણાર્થે વંચાણે લીધી.

**<u>૬) અરજીના ગુણદોષઃ-</u>**

વાદી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ અરજી તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. સદર કામે વાદીની અરજી નિર્ણિત કરતા પહેલા કાયદાની સ્થિતિ અને સંજોગો જોવા માં આવે તો, મનાઈ હુકમ આપતા પહેલા એ હકીકત ધ્યાને લેવી જોઈએ કે, વાદીનો પ્રાઈમાફેસી કેસ છે. વાદીની તરફેણમાં બેલેન્સ ઓફ કન્વીનિયન્સ છે અને વાદીને નાણાંમાં ન ભરપાઈ થઈ શખે તેવું નુકશાન જાય તેમ છે. આ ત્રણેય સિદ્ધાંતો વાદી પ્રસ્થાપિત કરે તો તેની તરફેણમાં મનાઈ હુકમ આપી શકાય છે. આ ઉપરાંત **સફ્રુદ્દીન અને બીજાઓ વિ. નગરપાલિકા પરિષદ અને બીજાઓ (એ.આઇ.આર. ૧૯૮૫ એમ. પી. પેજ નં.૨૫૨)** જોઇએ તો વચગાળાની મનાઇ હુકમની અરજી કોર્ટે વિવેકાદાધીન બુધ્ધીથી નિર્ણત થતી અરજી છે અને તેમાં કોર્ટ આ અરજી નિર્ણિત કરતી વખતે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પોતાની વિવેકબુધ્ધિનો ઉપયોગ કરવાનો છે. વાદી તરફે દસ્તાવેજી પુરાવામાં નિશાની ૪/૧ થી વાદગ્રસ્ત મિલકતના રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ હક્ક પત્રક રજુ કરેલ છે. જેની નોંધ નં.૪૦ ધ્યાને લેવામાં આવે તો તે તા.૦૪/૦૬/૫૭ નાં રોજ પડેલ હોવાનુ જણાઈ આવે છે અને તેમા કણબી નારણ લાધાનુ નામ સ.નં.૩૧, ૧૩૪, ૧૭૪/૩, ૧૭૪/૪, ૮૨/૫ મા દાખલ થયેલ હોવાનું જણાઈ આવે છે. વાદીએ રજુ કરેલ નિશાની ૪/૨ ધ્યાને લેવામાં આવે તો તે ગામ નમુના નં.૬ હક્ક પત્રક છે જેની નોંધ નં.૨૫૯ ધ્યાને લેવામાં આવે તો તે તા.૦૯/૧૧/૧૯૭૦ ના રોજ ની છે જે નોંધ મુજબ મુત ખાતેદાર ગુજરી થતા પ્રતિવાદી નં. ૧ મનજી નારણ તથા મોહન નારણના નામ દાખલ થયેલ હોવાનુ જણાઈ આવે છે. તથા વાદીએ રજુ કરેલ નિશાન-૪/૩ ગામ નમુના નં. ૬ હક્ક પત્રક છે જેની નોંધ નં.૫૩૯ ધ્યાને લેવામાં આવે તો તેમાં તા.૨૩/૦૭/૮૫ નાં રોજ વહેંચણીની નોંધ પડેલ છે. જેમાં પ્રતિવાદી નં. ૧ મનજી નારણનાં ભાગે સ.નં ૧૩૪ પૈકી,સ.નં ૧૭૪ પૈકી અને સ.નં ૬૬ પૈકીની જમીનો આવેલ હોવાનું જણાઈ આવે છે. આમ, વાદી તરફે રજુ થયેલ નિશાની-૪/૧ થી ૪/૩ થી રજુ થયેલ ગામ નમુના નં. ૬ હકક પત્રકની તમામ

નોંધો ધ્યાને લેવામાં આવે તો વાદગ્રસ્ત મિલકત સૌ પ્રથમ કણબી નારણ લાધાનાં નામે ચાલી આવેલી હોવાનું જણાઈ આવે છે અને તેઓન મરણ બાદ તેઓના પુત્ર મોહન નારણ અને મનજી નારણને વાદગ્રસ્ત જમીનો વહેંચણી કરેલ હોવાનું જણાઈ આવે છે તથા નોંધ નં. ૫૩૯ થી મનજી નારણનાં ભાગે સ.નં.૧૩૪ પૈકી, સ.નં.૧૭૪ પૈકી ૩ તથા સ.નં. ૬૬ પૈકીની જમીનો આવેલ હોવાનું જણાઈ આવે છે. આમ, તમામ નોંધોને ધ્યાને લેતાં વાદગ્રસ્ત મિલકત પ્રતિવાદી નં. ૧ નાં પિતાનાં અવશાન બાદ તેઓને ભાયુ ભાગે વહેંચણી થતાં પ્રાપ્ત થયેલ હોવાનું જણાઈ આવે છે. આમ, સદર જમીનો ભાયુ ભાગે વહેંચણી થતાં પ્રતિવાદી નં. ૧ નાં ભાગે આવેલ જેથી વાદગ્રસ્ત જમીનની વહેંચણી થયા બાદ પ્રતિવાદી નં. ૧ ના હિસ્સે આવેલ વાદગ્રસ્ત જમીન પ્રતિવાદી નં. ૧ ની સ્વપાર્જીત મિલકત ગણાય. વધુમાં, વાદીની અરજી મુજબ ખેતીની જમીન ઉપરાંત ઢોકળીયા ગામે બે મકાનો આવેલ છે. જેમાં એક જુનુ વડીલોપાર્જીત મકાન ગામમાં છે અને એક પ્લોટ આવેલ છે તથા એક મકાન રાજકોટ મુકામે રીદ્ધીસિદ્ધી સોસાયટીમાં રૈયા ચોકડી પાસે આવેલ છે. આ બંન્ને નવા મકાનો વડીલોપાર્જીત ખેતીની જમીનની ઉપજ નિપજમાંથી થયેલ આવકમાંથી થયેલા છે. પરંતુ તે બાબતે પણ વાદી દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ,વાદી દ્વારા વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મિલકત આવેલ હોવા બાબતેનો કોઈ અન્ય દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. જેથી વાદીએ રજુ કરેલ તમામ દસ્તાવેજોને ધ્યાને લેતાં વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મિલકત હોય અને તેમા વાદીઓનો હકક અધિકાર સમાયેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવતુ નથી. આમ, ઉપરોકત ચર્ચાનુસાર વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય આવતો નથી. બેલેન્સ ઓફ કન્વીનિયન્સ પણ વાદીના લાભમાં હોવાનું જણાય આવતો નથી. અને જો પ્રતિવાદી વિરૂધ્ધ વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થાય તેવું પારાવાર નુકશાન

થાય તેમ હોવાનું આવતું નથી. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**--હુકમ--**

૧). વાદીની આંક-પ ની મનાઈ હુકમ મેળવવાની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨). ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ તારીખ ૧૧મી માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૩/૨૦૨૬
પડધરી

(કુ.શ્રદ્ધા એન. ફાળકી)
પ્રિન્સિપાલ સિવિલ જજ,
પડધરી, જી.રાજકોટ
UID GJ-1579